Promoting Green Technology

અધ્યક્ષ

## ડૉ. જે. એન. સિંહ, આઈ.એ.એસ.નું

નિવેદન

## ૪૫મી વાર્ષિક સામાન્ય સભા

શુક્રવાર, તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૮

સવારે ૧૧.૩૦ કલાકે




સ્થળઃ

## ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ

પી. ઓ.: પેટ્રોકેમિકલ્સ–૩૯૧ ૩૪૬, જિલ્લો : વડોદરા.

## શેરહોલ્ડર ભાઈઓ તથા બહેનો,

આપણી કંપનીની ૪૫મી વાર્ષિક સામાન્ય સભામાં હું આપ સૌનું હાર્દિક સ્વાગત કરું છું. વર્ષ ૨૦૧૭-૧૮ના સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ ઓડિટ થયેલાં નાણાંકીય પરિણામો અને બોર્ડનો અહેવાલ આપની પાસે છે, જે આપની અનુમતિથી હું વાંચી લીધેલા ગણી લઉં છું.

## અર્થતંત્ર પર એક નજર

નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં ભારતીય અર્થતંત્રનો વિકાસદર આંશિક ઘટીને ૬.૭ ટકા થયો છે, જે ગત વર્ષે ૭.૧ ટકા હતો. જીડીપી ગ્રોથ વર્ષ ૨૦૧૭-૧૮ના ચોથા ત્રિમાસિક ગાળામાં ૭.૭ ટકા નોંધાયો, જે ગત વર્ષે સમાન ગાળામાં ૬.૧ ટકા રહ્યો હતો.

સેન્ટ્રલ સ્ટેટેસ્ટિક્સ ઑફિસ (CSO) દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, કૃષિ ક્ષેત્રમાં ગ્રોથ (Gross Value Added - GVA) નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના ચોથા ત્રિમાસિક ગાળામાં, ગત વર્ષના આ જ ગાળાના ૫.૨ ટકાની તુલનામાં ૪.૫ ટકા રહ્યો છે. જ્યારે ઉત્પાદન ક્ષેત્રે વૃધ્ધિદર ચોથા ત્રિમાસિક ગાળામાં ગત વર્ષના સમાન ગાળાના ૫.૩ ટકાની તુલનામાં વધીને ૯.૧ ટકા રહ્યો છે, બાંધકામ ક્ષેત્રે ૧૧.૫ ટકાની વૃધ્ધિ કરી છે. ક્રેડિટ ઓફટેકમાં વધારાથી ફાઈનાન્સિયલ સેવાઓનો વધારો ૬.૬ ટકા થયો છે, જે ગત વર્ષના ૬ ટકા કરતાં વધુ રહ્યો છે. આમ, ભારતીય અર્થતંત્ર ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન, સ્ટોક માર્કેટ ઈન્ડેક્સ, ઓટો સેલ્સમાં વધારો અને નિકાસમાં કેટલાક હકારાત્મક વધારાથી રિકવરીના માર્ગ પર રહ્યું છે. જો કે, રૂપિયાનું અમેરિકન ડોલર સામે અવમૂલ્યન, વધુ પ્રમાણમાં નાણાંકીય ખાધ અને દેવામાં વધારો ચિંતાનો વિષય છે. તેમ છતાં, સર્વાંગી પરિબળોને જોઈએ તો નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ભારતીય અર્થતંત્રમા આર્થિક સ્થિતિ હકારાત્મક જણાઈ છે અને એવી જ સ્થિતિ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં વધારે મજબૂત બનશે તેવી આશા છે.

ગૂડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ (GST) એ ભારતીય અર્થતંત્રને નવી દિશા આપી છે. કરદાતાઓની સ્વૈચ્છિક નોંધણીમાં ઘણો મોટો વધારો થયો છે અને ખાસ કરીને નાના સાહસો કે જેઓ મોટા સાહસો પાસેથી ખરીદી કરે છે તેઓ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે સ્વૈચ્છીક નોંધણી કરાવે છે. ભારતીય અર્થતંત્રમાં લાંબાગાળાની વૃધ્ધિ માટેની સંભાવનાઓ માટે તેના મોટા માળખાકીય સુધારાના કારણે, યુવા જનસંખ્યા અને તેને લીધે સ્વનિર્ભરતાનો ઉંચો દર, સારી બચત અને રોકાણના વૃધ્ધિદર તથા વૈશ્વિક અર્થતંત્રની વૃધ્ધિને પરીણામે આવતા સમયમાં સાનુકુળ સંજોગો દર્શાવે છે.

## ગુજરાત અન્ય રાજ્યો માટે રોલમોડેલ (ઉદાહરણરૂપ)

ગુજરાત એક એવું રાજ્ય છે જે સફળ, પ્રગતિકારક અને બધા જ ક્ષેત્રે વિકાસ માટે સમગ્ર દેશમાં

ઉદાહરણરૂપ બન્યું છે. ગુજરાત તેની ઔદ્યોગિક સાહસિકતા અને વાઈબ્રન્સી માટે જાણીતું છે. રોકાણકોરોનો ગુજરાતમાં રોકાણ માટેનો વિશ્વાસ અનેકગણો  વધ્યો છે, જેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રોકાણકારો સામેલ છે. આપણું રાજ્ય, ઉદ્યોગો અને કૃષિ માટે પર્યાપ્ત ઊર્જા અને માળખાગત સુવિધાઓ પૂરી પાડે છે. ગુજરાત કેમિકલ હબ અને પેટ્રો-કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ સહિત નોંધપાત્ર ઔદ્યોગિક પરિસીમા ધરાવે છે. જેનાથી ગુજરાત દેશના અર્થતંત્રમાં સૌથી મોટું યોગદાન આપતું રાજ્ય બન્યું છે.

ગુજરાત રાજ્ય પોતાના પ્રગતિકારક વિચારો, સક્રિય અને વિવેકપૂર્ણ આયોજન તથા તેના અમલીકરણને કારણે સર્વાંગી વિકાસ સાથે આર્થિક ક્ષેત્રે નોંધનીય પ્રગતિ તરફ અગ્રેસર થઈ રહ્યું છે. ભારતનું અર્થતંત્ર વૈશ્વિક મંદી જેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ મજબૂત રીતે વિકાસ કરી રહ્યું છે જેમાં ગુજરાતની ભૂમિકા મહત્ત્વપૂર્ણ જોવા મળી રહી છે. ભારતના ઝડપથી બદલાતા પરિદ્દશ્ય સાથે તાલ મેળવવા ગુજરાત હંમેશા અગ્રિમ સ્તરે રહ્યું છે. ગુજરાતની ઔદ્યોગિક નીતિ સક્ષમ, સાતત્યપૂર્ણ અને સર્વાંગી પ્રગતિને અનુલક્ષીને નિર્માણ પામી છે. આ તમામ પ્રયાસોથી મને આશા છે  કે આપણા માનનીય વડાપ્રધાનશ્રીના "મેઈક ઈન ઈન્ડિયા"ના ધ્યેયને પ્રાપ્ત કરવા, ગુજરાત અન્ય રાજ્યોને ઉદાહરણ પુરું પાડશે.

## જીએસીએલની કામગીરી

આપની કંપની ૧૯૭૩માં સ્થાપિત થઈ સમયાંતરે ઉત્પાદનવૃધ્ધી કરી કોસ્ટિક સોડાના સૌથી વિશાળ ઉત્પાદકોમાંની એક કંપની તરીકે ઉભરી આવી છે. આપણી કંપનીની કોસ્ટીક સોડાની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા ૪,૨૯,૦૫૦ મેટ્રિક ટન પ્રતિવર્ષ છે. આપની કંપની સક્ષમ આર્થિક સ્થિતિ ધરાવે છે. કંપની રાષ્ટ્રીય ક્લોર-આલ્કલી બજારમાં ૧૧ ટકાનો હિસ્સો ધરાવે છે.

કંપની સમયાંતરે ક્લોર-આલ્કલી ક્ષેત્રે પોતાની કામગીરીનું વિસ્તરણ કરતી આવી છે અને સાથે સાથે નવા ઉત્પાદનોમાં પણ વિવિધતા લાવી રહી છે. જેમાં ફોરવર્ડ અને બેકવર્ડ ઈન્ટિગ્રેશન્સનો સમાવેશ થાય છે. જીએસીએલ એ ભારતની એવી પ્રથમ કંપની છે જેણે વર્ષ ૧૯૮૯માં મરક્યુરી સેલ ટેકનોલોજીને બદલીને તેના સ્થાને પર્યાવરણને અનુકુળ ટેકનોલોજી અને ઉર્જા સક્ષમ મેમ્બ્રેન ટેકનોલોજીનો ઉપયોગ શરૂ કર્યો હતો. હાલમાં, કંપનીની ઉત્પાદન શ્રેણીમાં કુલ ૩૬થી વધુ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. કંપનીના ઉત્પાદનો ભારત અને વિદેશોમાં વિવિધ ઉદ્યોગો દ્વારા ઉપયોગમાં લેવાય છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન કોસ્ટિક સોડા પ્લાન્ટમાં ૯૫% ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત કરી છે. આપની કંપનીએ હંમેશા ઈકો-ફ્રેન્ડલી અને ગ્રીન ટેકનોલોજીસ અપગ્રેડ કરવાનું અને તેનો સ્વીકાર કરવાનું સુનિશ્ચિત કરેલ છે. કંપનીએ કેટલાક પ્લાન્ટ/પ્રોડક્ટ્સ જેવાકે ફોસ્ફોરિક એસિડ,

હાઇડ્રોજન પેરોક્સાઇડ, એલ્યુમિનિયમ ક્લોરાઇડમાં ૧૦૦%થી વધુ ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત કરી છે.

ઇલેક્ટ્રોલિસીસ પ્રક્રિયા દ્વારા કોસ્ટિક સોડાનું ઉત્પાદન મોટા પાયે ઇલેક્ટ્રીક પાવર પર આધારિત છે. કંપનીએ તેની વધારાની ઊર્જાની માંગને પહોંચી વળવા માટે લાંબાગાળીની વ્યૂહનીતિ અપનાવેલ છે.

આપની કંપનીએ સ્વવપરાશ માટે ગેસ પર આધારિત ૯૦ મેગાવોટ પાવર પ્લાન્ટ તેમજ ૧૪૫ મેગાવોટનો સંયુક્ત વપરાશ માટે ગેસ પર આધારિત જી.આઈ.પી.સી.એલ. ખાતે પાવર પ્લાન્ટ સ્થાપેલ છે. આ ઉપરાંત આપની કંપનીએ તા. ૩૧મી માર્ચ, ૨૦૧૮ સુધીમાં કુલ ૧૭૧.૪૫ મેગાવોટની ક્ષમતાવાળી વિન્ડ મીલ સ્થાપીને હરિત ઉર્જા માટેનાં મોટા કદમ ઉઠાવ્યાં છે. કંપનીએ કાયદાકિય જોગવાઈ અનુસાર તેમજ હરિત ઉર્જામાં વધારો કરવા ૧૫ મેગાવોટના સોલાર પાવર પ્રોજેક્ટ પણ સ્વવપરાશ માટે શરૂ કરેલ છે. આ પરિયોજના જુલાઈ, ૨૦૧૮ સુધીમાં પુર્ણ થયેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન, કંપનીએ સ્વવપરાશ માટે ૨૦ મેગાવોટનો સોલાર પાવર પ્રોજેક્ટ પણ શરૂ કરવાનું નક્કી કરેલ છે અને તે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કાર્યરત થઈ જવાની અપેક્ષા છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન, કંપનીએ કોસ્ટિક સોડા લાઈ, કોસ્ટિક પોટાશ લાઈ, એલ્યુમિનિયમ ક્લોરાઈડ અને ક્લોરીનેટેડ પેરાફીન વેક્સનું વડોદરા સંકુલ ખાતે તેમજ એલ્યુમિનિયમ ક્લોરાઇડ, પોલી એલ્યુમિનિયમ ક્લોરાઇડ, સોડિયમ ક્લોરેટ અને સ્ટેબલ બ્લીચીંગ પાઉડરનું દહેજ સંકુલ ખાતે અત્યાર સુધીનુ સૌથી વધુ ઉત્પાદન હાંસલ કર્યું હતું.

## કંપનીની નાણાંકીય કામગીરી

આપને જણાવતા મને આનંદ થાય છે કે આપની કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન પણ ખૂબ જ ઉત્કૃષ્ટ નાણાંકીય કામગીરી કરેલ છે. આપની કંપનીએ ગત વર્ષના રૂ. ૨,૨૫૫ કરોડના વેચાણની સરખામણીએ રૂ. ૨,૪૮૦ કરોડનું સૌથી વધુ વેચાણ હાંસલ કરેલ છે. કંપનીનાં વેચાણમાં વધારો મુખ્યત્ત્વે કોસ્ટિક સોડા ગ્રૂપ, ક્લોરોમિથેન્સ ગ્રૂપ, હાઇડ્રોજન પેરોક્સાઇડ, એલ્યુમિનિયમ ક્લોરાઈડ, ક્લોરોટોલ્યુન ગ્રૂપ અને સ્ટેબલ બ્લીચીંગ પાઉડરની વેચાણ કિંમતમાં વધારો થવાથી થયો છે.

ગળાકાપ સ્પર્ધા અને બજારની પ્રતિકૂળ સ્થિતિ હોવા છતાં આપની કંપની ગત વર્ષના રૂ. ૫૦૬ કરોડના કુલ નફાની સરખામણીએ રૂ. ૮૯૨ કરોડનો સૌથી વધુ કુલ નફો પ્રાપ્ત કરી શકી છે.

વર્ષ દરમિયાન આપની કંપનીએ કરવેરા પહેલાનો સૌથી વધુ નફો રૂ. ૭૫૦ કરોડ અને કરવેરા પછીનો નફો રૂ. ૫૩૫ કરોડ પ્રાપ્ત કરેલ છે જે ગત વર્ષમાં ક્રમશઃ રૂ. ૩૮૨ કરોડ અને રૂ. ૩૦૮ કરોડનો હતો.

જ્યારે વર્ષ દરમિયાન વેચાણમાં ચોખ્ખા નફાનું પ્રમાણ ૧૫.૨૫% થી વધીને ૨૨.૧૩% થયું છે.

એ જ રીતે ગત વર્ષના રૂ. ૪૧.૯૫ શેર દીઠ કમાણીની સરખામણીએ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ. ૭૨.૮૫ ની શેરદીઠ કમાણી કરી છે.

શેરની ચોપડે કિંમત (બુક વેલ્યુ) ગત વર્ષના રૂ. ૪૫૧ પ્રતિ શેરની સામે તા. ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ રૂ. ૫૧૭ પ્રતિ શેરની રહી છે જે પ્રતિ શેર રૂ. ૬૬નો વધારો દર્શાવે છે.

કંપનીના કુલ શેરની બજારકિંમત (માર્કેટ કેપીટલાઈઝેશન), તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭ના રૂ. ૨,૯૯૫ કરોડની સરખામણીએ તા. ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ રૂ. ૫,૧૩૦ કરોડની થઈ છે જે રૂ. ૨,૧૩૫ કરોડની વૃધ્ધિ દર્શાવે છે.

આપની કંપની વર્ષ દરમિયાન ખર્ચ નિયંત્રણ, ઉત્પાદન કિંમતો પર સતત દેખરેખ અને તેની સમીક્ષા તેમજ અન્ય જરૂરી પગલાંઓને કારણે સારા પરિણામો હાંસલ કરી શકી છે. આપણે ચાલુ નાણાંકીય વર્ષમાં પણ ખર્ચ નિયંત્રણ કરવાનું ચાલુ રાખ્યું છે.

ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં આપણી કંપનીએ ગત વર્ષના સમાન ગાળામાં રૂ. ૫૯૪ કરોડની તુલનામાં રૂ. ૭૪૪ કરોડનું સૌથી વધુ વેચાણ હાંસલ કરીને ઉત્કૃષ્ટ કામગીરી દર્શાવેલ છે. આપની કંપનીએ ગત વર્ષના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં કરવેરા પહેલાનો નફો રૂ. ૧૨૮ કરોડ અને કરવેરા પછીનો નફો રૂ. ૯૫ કરોડની તુલનામાં ક્રમશઃ આ વર્ષે આ જ સમય ગાળામાં કરવેરા પહેલાનો રૂ. ૨૫૯ કરોડનો નફો અને કરવેરા પછીનો રૂ. ૧૮૩ કરોડનો નફો હાંસલ કરેલ છે.

## ડિવિડન્ડ

મને જણાવતા આનંદ થાય છે કે આપની કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોએ તા. ૩૧ મી માર્ચ, ૨૦૧૮ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે રૂા. ૧૦નો એક એવા સંપૂર્ણ ભરપાઈ થયેલા ૭,૩૪,૩૬,૯૨૮ ઈક્વિટી શેરો પર શેરદીઠ રૂ. ૬.૫૦ એટલે કે ૬૫% ડિવિડન્ડ આપવાની ભલામણ કરી છે.

## બજાર વ્યવસ્થા

આપણી કંપનીની ઉત્પાદન શ્રેણીમાં ૩૬ થી વધુ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. કોસ્ટિક સોડા ગ્રૂપ તેમાં સૌથી મોટું આવક મેળવનાર ગ્રૂપ રહ્યું છે. આથી, કોસ્ટિક સોડા અને ક્લોરીનના બજારની પરિસ્થિતીની કંપનીની કામગીરી ઉપર બહોળી અસર પડે છે.

કંપની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ ટેકનોલોજી (IICT) ના સહયોગથી હાઈડ્રોજન પેરોક્સાઈડનો કાચા માલ તરીકે ઉપયોગ કરીને આયાતની અવેજીરૂપ હાઈડ્રાઝીન હાઈડ્રેટની ઉત્પાદન ક્ષમતા પાયલોટ પ્લાન્ટમાં ઘરઆંગણે વિકસાવવામાં કંપનીએ સફળતા મેળવી છે. આ

હાઈડ્રાઝીન હાઈડ્રેટનો પ્રતિવર્ષ ૧૦,૦૦૦ ટનની ઉત્પાદન ક્ષમતાનો કોમર્શિયલ પ્લાન્ટ દહેજ સંકુલ ખાતે શરૂ થશે.

ખૂબજ ઓછી કિંમતે વિવિધ ઉત્પાદનોના ભારતમાં બહોળા પ્રમાણમાં થતા આયાત (ડમ્પિંગ) ને કારણે આપની કંપની સતત પ્રતિકુળ પરિસ્થિતિનો સામનો કરી રહી છે જેના કારણે કંપનીની ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ તથા ઉત્પાદનોની કિંમતો પર પ્રતિકુળ અસર થાય છે. આ માટે કંપની ડબલ્યુટીઓ (WTO) માર્ગદર્શિકાઓ અંતર્ગત એન્ટિ ડમ્પિંગ ડ્યુટી લાદવાના સુધારાત્મક પગલાં લેવા માટે સક્રીય પ્રયાસ કરી રહી છે.

આપની કંપનીએ ભારતના પૂર્વ ક્ષેત્રના ભાગમાં વેચાણ કરવાનું ચાલુ રાખ્યું છે અને તે મુજબ મેસર્સ નેશનલ એલ્યુમિનિયમ કંપની લિ. (નાલ્કો), ઓરિસ્સાને, નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં પશ્ચિમ ભારતમાં અંદાજે ૨૫,૦૦૦ મેટ્રિક્ટનનું કોસ્ટિક સોડા લાઇનું વેચાણ કરેલ છે.

દૂરગામી બજારમાં સ્પર્ધાત્મક રહીને કે જ્યાં માલના પરિવહનનો ખર્ચ એ મુખ્ય બાબત છે ત્યાં માલવહનની વિવિધ શક્યતાઓને વિચારાઇ રહી છે. આ માટે આપની કંપનીએ તેના ઈતિહાસમાં પ્રથમવાર રેલવે અને સમુદ્ર માર્ગે કોસ્ટિક સોડાનું પરિવહન કરવાનું શરૂ કરેલ છે.

નાલ્કોને કોસ્ટિક સોડા લાઈની સપ્લાઈ થઈ રહી છે અને તે માટે આપણે દહેજ ખાતે **GCPTCL** ના સ્ટોરેજ ટેન્કમાં કોસ્ટિક સોડા લાઇનો જરૂરી જથ્થો સંગ્રહ કરવાની વ્યવસ્થાઓ પણ કરેલ છે.

આપની કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન, કોસ્ટિક સોડા લાઇ, કોસ્ટિક પોટાશ લાઇ અને ફ્લેક્સ, ફોસ્ફોરિક એસિડ (૮૫%), એલ્યુમિનિયમ કલોરાઈડ, બેન્ઝાઈલ ડિહાઈડ, બેન્ઝાઈલ આલ્કોહોલ, સોડિયમ ક્લોરેટ અને સ્ટેબલ બ્લીચીંગ પાઉડરમાં સૌથી વધુ વેચાણ હાંસલ કરેલ છે.

## ખર્ચ નિયંત્રણ માટેના પગલાં

આપની કંપનીએ ખર્ચ નિયંત્રણ કરવા અને કંપનીની નફાકારકતા વધારવા માટે, કાચા માલની અને કેમિકલની ખરીદી અને અન્ય વપરાશી વસ્તુઓનું ખર્ચ નિયંત્રણ કરવા માટે વિવિધ અસરકારક પગલાં લીધા છે. આમાંથી કેટલાંક પગલાંઓના પરિણામે કંપનીના કાચામાલની ખરીદ કિંમતના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો છે જેની હું આપને માહિતી આપું છુંઃ

૧. આપણી કંપનીએ ગત નાણાકીય વર્ષમાં ઈ-પ્રોક્યોરમેન્ટ માટે **SAP** માં સપ્લાયર રીલેશનશીપ મેનેજમેન્ટ (**SRM**) નો અમલ કર્યો છે. **SRM** ના અમલ સાથે આપની કંપનીએ વિવિધ માલ-સામાનની ખરીદી માટે રિવર્સ ઓક્શન શરૂ કર્યુ છે અને રિવર્સ ઑક્શન સર્વિસીઝના આઉટસોર્સિંગને બંધ કર્યુ છે તેથી આઉટસોર્સિંગ ખર્ચમાં બચત થઈ છે.

૨. પોટેશિયમ ક્લોરાઈડ (KCl) કે જે સૌથી મોટા પ્રમાણમાં આયાત કરવામાં આવતા કાચા માલમાંનું એક છે અને તેનું આયાત ભારતના પૂર્વ કાંઠા ખાતે થતું હતું. આ પૂર્વ કાંઠેથી કંપનીએ માર્ગ અને રેલ દ્વારા માલનું પરિવહન કરવું પડતું હતું. આ સમય માંગી લેનારું અને માલના પરિવહનનો ખર્ચ પણ વધુ થતો હતો. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી પોર્ટ ઓફ ડિસ્ચાર્જને ભારતના પૂર્વ કાંઠેથી પશ્ચિમ કાંઠે ફેરવવવામાં આવ્યું છે. જેને કારણે પરિવહનનો ખર્ચ તેમજ સમયમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે અને અન્ય એક લાભ એ છે કે ઈંધણ વપરાશમાં ઘટાડા થયો છે જે પર્યાવરણની સુરક્ષામાં મદદરૂપ થશે.

૩. આપની કંપનીએ મહત્ત્વના કાચા માલ જેમકે પ્રાઈમરી એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને એચએનપીને ઝીરો કસ્ટમ ડ્યુટી સાથે એડવાન્સ લાયસન્સ અંતર્ગત આયાત કરેલ છે જેનાથી માલની ખરીદીનો ખર્ચ ઘટે છે. આ સ્કીમમાં નિકાસ જવાબદારી સંપન્ન કરવા આપની કંપનીએ એલ્યુમીનીયમ ક્લોરાઈડની નિકાસ કરી છે અને વિદેશી હુંડિયામણ પણ મેળવ્યું છે.

૪. આપની કંપની એક જવાબદાર અને પર્યાવરણનું ધ્યાન રાખનાર ધંધાકીય સાહસ તરીકે ઓળખ ધરાવે છે અને તેણે 'ગ્રીન ટેકનોલોજી' નો સ્વીકાર કરેલ છે જેનાથી કોસ્ટિક સોડાના ઉત્પાદન માટે ગુણવત્તાવાળા સોલ્ટનો (મીઠાનો) ઉપયોગ શરૂ કર્યો છે. સોલ્ટની સુધરેલી ગુણવત્તાથી ઓછા સ્લજ જનરેશન અને વધુ ઉત્તમ સ્લજ ડિસ્પોઝલ મેનેજમેન્ટનો લાભ મળ્યો છે. સોલ્ટની સુધરેલી ગુણવત્તાથી કેમિકલ્સના વપરાશમાં ઘટાડો થયો છે જેનાથી ખર્ચમાં ઘટાડો થયો છેઅને મેમ્બ્રેન સેલ્સનું આયુષ્ય પણ વધ્યું છેજે કોસ્ટિક સોડાના ઉત્પાદનની પ્રક્રિયાનો એક અગત્યનો ભાગ છે.

## વિસ્તરણ અને નવી યોજનાઓ

આપને જણાવતાં મને આનંદ થાય છે કે કંપની તેની વિકાસની યોજનાઓનું અમલીકરણ સફળતાપુર્વક કરી રહી છે જેના ભાગરૂપે કંપની હાલના રૂ. ૨,૫૦૦ કરોડના વાર્ષિક વેચાણથી નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ સુધીમાં રૂ. ૫,૦૦૦ કરોડના વાર્ષિક વેચાણ હાંસલ કરવાની ખાતરી ધરાવે છે. મને એ જણાવતાં ગૌરવ થાય છે કે કંપનીએ હાલમાં તેના વડોદરા સંકુલ ખાતે ક્લોમિથેન્સનું વિસ્તરણ અને વાર્ષિક ૩૨,૦૦૦ મેટ્રિકટનની ક્ષમતાવાળો પોલી એલ્યુમિનિયમ ક્લોરાઈડ પ્રોજેક્ટ, તેમજ તેના દહેજ સંકુલ ખાતે વાર્ષિક ૧૪,૦૦૦ મેટ્રિકટનની ક્ષમતાવાળો હાઈડ્રોજન પેરોક્સાઈડ પ્રોજેક્ટ સફળતાપૂર્વક કાર્યરત કરેલ છે. આ ઉપરાંત વેસ્ટ લિક્વિડને માર્કેટેબલ પ્રોડક્ટમાં તબદિલ કરવાના એન્હાઈડ્રસ સોડિયમ સલ્ફેટના મહત્વના પ્રોજેક્ટને પણ કાર્યરત કર્યો છે.

અન્ય પ્રોજેક્ટ્સ જેવા કે વાર્ષિક ૧,૦૫,૦૦૦ મેટ્રિકટનની ક્ષમતાવાળો ક્લોરોમિથેન્સ પ્લાન્ટ, વાર્ષિક ૩૩,૮૭૦ મેટ્રિકટનની ક્ષમતાવાળો ફૂડ ગ્રેડ ફોસ્ફોરિક એસિડ પ્લાન્ટ, વાર્ષિક ૧૦,૦૦૦ મેટ્રિકટનની ક્ષમતાવાળો હાઈડ્રાઝીન હાઈડ્રેટ પ્લાન્ટ, વાર્ષિક ૧૫,૦૦૦ મેટ્રિકટનની ક્ષમતાવાળો સ્ટેબલ બ્લીચીંગ પાઉડર (SBP) પ્લાન્ટ, વાર્ષિક ૧૬,૫૦૦ મેટ્રિકટનની ક્ષમતાવાળો એન્હાઈડ્રસ એલ્યુમિનિયમ ક્લોરાઈડ (AAC) પ્લાન્ટ અને વાર્ષિક ૩૯,૬૦૦ મેટ્રિકટનની ક્ષમતાવાળો ક્લોરોટોલ્યુન્સ પ્લાન્ટ દહેજ ખાતે અમલીકરણના વિવિધ સ્તરે પહોંચ્યા છે.

## જીએનએએલ (GNAL) દ્વારા પ્રોજેક્ટ - નાલ્કો સાથેની એક સંયુક્ત સાહસ કંપની

કંપનીના દહેજ સંકુલ ખાતે આવેલ પ્લોટ-ડી ૨/૯ માં કોલસા પર આધારિત ૧૩૦ મેગાવોટનો પાવરપ્લાન્ટ અને પ્રતિદિન ૮૦૦ મેટ્રિકટનની ક્ષમતાવાળા કોસ્ટિક સોડાના પ્રોજેક્ટનું કામ કાર્યરત છે કે જે નેશનલ એલ્યુમિનિયમ કંપની લિ. (NALCO) સાથેનું એક સંયુક્ત સાહસ છે. આ પ્લાન્ટમાં ઉત્પાદિત થનાર ક્લોરીનને પાઈપલાઈન દ્વારા નજીકના વિસ્તારોમાં ક્લોરીન વપરાશકારોને પહોંચાડવામાં આવશે.

## સંશોધન અને વિકાસ

આપણી કંપનીની હાલની અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સંશોધન અને વિકાસની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. કંપનીનો સંશોધન અને વિકાસ વિભાગ વેસ્ટ યુટિલાઈઝેશન, નવા ઉત્પાદનો, નવી પ્રક્રિયાઓનો વિકાસ અને સુધારો, પર્યાવરણને સાનુકૂળ ટેકનોલોજી, ઉત્પાદનની ગુણવત્તા અને ગ્રાહકની જરૂરીયાત પુરી પાડવા પર કાર્ય કરે છે.

ફોસ્ફોરિક એસિડ પ્લાન્ટમાંથી પેદા થતા ઘન કચરાને અમુક પ્રક્રિયામાંથી પસાર કરી ફર્ટિલાઈઝર તરીકે ઉપયોગ થઈ શકે એ માટેની પ્રક્રિયાનું કામ શરૂ કરાયું છે. એ જ રીતે અન્ય પ્લાન્ટમાંથી પણ કચરો ઉત્પન્ન થાય છે તેમાં પણ અમુક પ્રક્રિયા કરી વેલ્યુ એડિશન તરીકે ઉપયોગમાં લેવાય તે માટેના પગલા લેવામાં આવ્યા છે. દેશની અગ્રણી રિસર્ચ સંસ્થા સાથે કેટેલિસ્ટ ડેવલપમેન્ટ માટેનું કામ શરૂ કર્યું છે.

અન્ય પ્રવૃતિઓમાં પ્રોસેસ સ્ટ્રીમનું બારીકાઈથી નિરીક્ષણ, કાચા માલ અને તૈયાર માલની ગુણવત્તાની ખાતરી આપવી વગેરે જેવા કાર્યોનો સમાવેશ થાય છે. સંશોધન અને વિકાસ વિભાગે ઉત્પાદનનાં વિવિધ વિભાગોને સતત તકનીકી સહાય પુરી પાડી છે જેને પરીણામે ઉત્પાદનમાં ઘણો જ ફાયદો મળ્યો છે.

## પુનઃપ્રાપ્ય ઊર્જા

આપની કંપનીએ ગ્રીન ટેકનોલોજીને પ્રોત્સાહિત કરવાની પોતાની પ્રતિબધ્ધતાને વેગ આપતાં ગુજરાતના ચારણકા ગામ ખાતે ૧૫ મેગાવોટનો સોલાર પાવર પ્રોજેક્ટ સ્થાપ્યો છે જે કાર્યરત થઈ ચૂક્યો છે. એ જ સ્થળે અન્ય ૨૦ મેગાવોટનો સોલાર પાવર પ્રોજેક્ટ પણ અમલ થઈ રહ્યો છે અને તે આગામી નાણાંકીય વર્ષના પ્રારંભ સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે. આ પ્રોજેક્ટ પ્રસ્થાપિત થયા પછી કંપનીની સ્થાપિત રિન્યુએબલ એનર્જીની ક્ષમતા ૧૭૧.૪૫ મેગાવોટ વિન્ડ પાવર અને ૩૫ મેગાવોટ સોલાર પાવરની થશે જે કંપનીની કુલ ઉર્જાની જરૂરીયાતનાં ૨૫ ટકાથી વધારે જરૂરીયાત પુરી પાડશે.

## સુરક્ષા અને પર્યાવરણ

કંપની તેની નીતિ, સિદ્ધાંતો અને સુરક્ષા તથા પર્યાવરણને લગતા વિધાનોનો સતત અમલ કરી રહી છે. કંપનીના કર્મચારીના સ્વાસ્થ્ય, સુરક્ષા અને પર્યાવરણની જાળવણીને લગતા નિયમોનું ચુસ્ત પણે પાલન કરવામાં આવે છે. આ નિયમોને અનુરૂપ કપંનીના પરીસરની વિશેષ સ્વચ્છતા તેમજ પ્લાન્ટની જાળવણી અભિયાન પણ શરૂ કરવામાં આવ્યાં છે.

કંપનીના પર્યાવરણ સંરક્ષણ અભિગમ અને પ્રતિબદ્ધતાઓમાં એક કદમ આગળ વધીને કંપનીએ તેના લિક્વિડ એફ્લુઅન્ટ ડિસ્ચાર્જના પુનઃ ઉપયોગ માટે આરઓ પ્લાન્ટ લગાવ્યો છે.

## કોર્પોરેટ ગવર્નન્સ

અમે દઢપણે માનીએ છીએ કે કંપનીની કામગીરીને પ્રોત્સાહિત કરવા માટે તેમજ મહત્તમ ઉત્પાદકતા હાંસલ કરવા માટે તેમજ હિતધારકોના લાભ જળવાય એ સુનિશ્ચિત કરવા માટેનો આધાર કંપનીના સુદઢ અને કાર્યક્ષમ વહીવટ પર રહેલો છે. સર્વગ્રાહી વિકાસ માટે જરૂરી એવી સુચારૂ સંસ્થાકીય વહિવટ પધ્ધતિઓનું (Good Corporate Governance) પાલન કરવાનું જીએસીએલ હંમેશા સુનિશ્ચિત કરે છે જે દ્વારા સંસ્થાકિય વિકાસનો લાભ સમગ્ર સમાજ મેળવી શકે.

## સંસ્થાકિય સામાજિક જવાબદારી

આપની કંપનીએ સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરીને માનવ વિકાસ સૂચકઆંક ઉંચે લઈ જવા માટેની તેની સંસ્થાકિય સામાજિક જવાબદારીઓ નિભાવવાનું ચાલુ રાખ્યું છે. સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવું તે સામાજિક અને વ્યવસાયીક દ્રષ્ટિકોણથી જીએસીએલ માટે હંમેશા અગ્રતાનો વિષય રહ્યો છે. કંપની તેના ગ્રાહકો, સમાજ તથા

રાષ્ટ્રના વિકાસમાં પોતાના ઉત્પાદનો અને સેવાઓ દ્વારા પ્રત્યક્ષ રીતે તેમજ તેની વિકાસલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા અને સામાજિક અભિગમથી પરોક્ષરીતે પણ યોગદાન આપી રહી છે.

## જીએસીએલ ખાતે માનવ સંસાધન

આપની કંપનીમાં માનવ સંસાધનને વિકાસ વ્યૂહરચનાનો એક અભિન્ન હિસ્સો ગણવામાં આવે છે અને તેને મૂલ્યવાન સંપત્તિ માનવામાં આવે છે. સંસ્થાકીય નિર્ણયોમાં અનુભવી કર્મચારીઓ સામેલ થાય છે અને તેઓ સંસ્થાકીય લક્ષ્યોને પામવાનું સુનિશ્ચિત કરે છે. આપણી કંપની એવી નીતિઓ અને વ્યવહારમાં માને છે જેથી કર્મચારીઓ વ્યક્તિગત રીતે, અન્ય કર્મચારીઓની સાથે રહી કંપની માટે વધુ પ્રગતિ સાધવા પ્રોત્સાહિત થાય.

નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન, આપની કંપનીએ માનવ સંસાધન કાર્યના ભાગરૂપે, ૫૮ કર્મચારીઓની ભરતી કરી છે જ્યારે ૭૩ કર્મચારીઓએ તેમની નિવૃતિની વય, રાજીનામાના અથવા અન્ય કારણે કંપનીની સેવા છોડી છે.

તાલીમ અને વિકાસની નીતિનો હેતુ સહભાગી માનવ સંસાધન ક્ષમતાઓ, કૌશલ્ય અને સ્પર્ધાત્મકતા વધારવાનો છે જેનાથી સફળ અને સાતત્યપૂર્ણ સંસ્થા સુનિશ્ચિત થઈ શકે. નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન, કુલ ૧૮૦ જેટલા વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમોમાં ૧,૪૨૯ જેટલા કર્મચારીઓએ ભાગ લીધો હતો.

આપણી કંપની સ્વસ્થ અને મજબૂત કર્મચારી સંબંધોને જાળવવા માટેની યોગ્ય નીતિઓ અપનાવે છે કે જેનાથી ઉત્કૃષ્ટ ઉત્પાદકતા સુનિશ્ચિત થાય અને કર્મચારીઓને પણ કાર્ય સંતોષ પ્રાપ્ત થાય. જેના કારણે આપની કંપનીમાં સર્વાંગી હકારાત્મક વાતાવરણ સર્જાયુ છે.

## ERP - SAP નું અમલીકરણ

આપની કંપનીએ ઈઆરપી વિકસિત કરેલ છે જેમાં ધંધાકીય જરૂરીયાતોને ધ્યાનમાં લઈ વિવિધ નિર્ણયો ઝડપથી લેવાય તે માટે ડિસિઝન સપોર્ટ સિસ્ટમ (DSS) વિકસાવેલ છે. જીએસીએલનો એવો હંમેશા પ્રયાસ રહ્યો છે કે તે ટેકનોલોજી એડવાન્સમેન્ટને યોગ્ય પ્રોત્સાહન આપી તેની સાથે આગળ વધે. આજ અભિગમને આગળ વધારતા કંપનીએ SAP - ERP નો સફળતાપૂર્વક અમલ કર્યો છે. કંપનીએ તા. ૧લી ઓક્ટોબર, ૨૦૧૭ થી SAP સિસ્ટમ શરૂ કરી છે. જેનાથી કંપનીની ઈન્ટરનલ ચેક અને કંટ્રોલ્સ પધ્ધતિ વધુ મજબૂત બની છે.

બિઝનેસ સાતત્ય સામેનાં જોખમને ટાળવા આપણી કંપનીએ તેના દહેજ સંકુલ ખાતે ડિઝાસ્ટર

રિકવરી સાઈટ સ્થાપિત કરી છે જયાં આપણે વડોદરા ખાતેની સીસ્ટમ જેવી જ બીજી સીસ્ટમ ઉભી કરી છે જેથી કોઈ પણ દુર્ઘટનાનાં સંજોગોમાં જો વડોદરા ખાતેની સીસ્ટમનો ઉપયોગ ન થઈ શકે તો દહેજથી પણ કોમ્પ્યુટર સીસ્ટમનો ઉપયોગ કરી કંપનીની કામગીરી કરી શકાય.

## આભારવચન

આ વર્ષે નવા નિમણુંક થયેલા આપની કંપનીના ડિરેક્ટરો શ્રી અરવિંદ અગ્રવાલ અને શ્રીમતી વસુબેન ત્રિવેદીને હું આવકારું છું. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી, હું કંપનીના આ વર્ષે છોડી ગયેલા ડિરેક્ટર્સ શ્રી અનિલ મુકીમ અને શ્રીમતી પલ્લવી શ્રોફનો આભાર માનું છું, જેમના બહોળા અનુભવનો કંપનીને તેના વિકાસ અને વૃદ્ધિમાં લાભ મળ્યો છે.

બોર્ડ પરના મારા અન્ય સાથીઓએ કંપનીના સંચાલનમાં આપેલ કિંમતી માર્ગદર્શન અને યોગદાન બદલ હું તેમના પ્રત્યે હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરૂં છું.

અમારામાં મૂકેલા વિશ્વાસ બદલ કંપનીના તમામ શેરહોલ્ડર્સનો પણ હું આભાર માનું છું. આપની કંપનીના કર્મચારીઓએ તેમની વચનબદ્ધતા અને સમર્પણની ભાવના થકી આપેલ મૂલ્યવાન યોગદાન માટે હું તેમનો આભાર માનું છું.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી અને મારા વતી કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર, ખાસ કરીને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, નાણા વિભાગ તેમજ ઉદ્યોગ અને ખનિજ વિભાગ, કંપનીના પ્રમોટર્સ, બેન્કર્સ, ઓડિટર્સ, ગ્રાહકો, એજન્ટ્સ, ડિલર્સ, સપ્લાયર્સ અને અન્ય હિતધારકો તરફથી કંપનીને સતત મળેલા મૂલ્યવાન સાથ સહકાર માટે તેઓ પ્રત્યે હું આભારની લાગણી વ્યક્ત કરૂં છું.

# જયહિન્દ

Promoting Green Technology


ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ

(આઈએસ-આઈએસઓ પ્રમાણિત કંપની) (ગુજરાત સરકાર દ્વારા પ્રાયોજિત)

રજીસ્ટર્ડ ઓફિસ : પી. ઓ. પેટ્રોકેમિકલ્સ–૩૯૧૩૪૬, જિલ્લો: વડોદરા. ફોન: +૯૧-૨૬૫-૨૨૩૨૬૮૧-૮૨

ફેક્સ: ૦૨૬૫-૨૨૩૧૨૦૮ | ઈ-મેઈલ: cosec@gacl.co.in | વેબસાઈટ: www.gacl.com | CIN: L24110GJ1973PLC002247


Design by : oneadvt.com